નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ભીતર ભરેલું એકદમ જો બ્હાર થઈ શકે,
તો આપણી વચ્ચે ઘણો વ્યવહાર થઈ શકે.
થોડી ઉદાસી તુંય અપનાવી શકે તો લે,
સંભવ છે એવી રીતથીયે પ્યાર થઈ શકે !
સૌંદર્ય એનું પામવા તરસ્યા કર્યું અમે,
જાણ્યું નહીં કે શબ્દથી શણગાર થઈ શકે.
મારી હયાતી પ્રશ્ન બની ગઈ છે કોઈનો,
માણસ ઘણીયે રીતે કરજદાર થઈ શકે !
તું પણ રડી લે આંખથી મોતીઓ સારીને,
એ અન્ય કોઈ આંખનો ઉપહાર થઈ શકે !

- સ્નેહલ જોષી

પાથેય

- રમેશ ઠક્કર

સુંદરતાના માપદંડો....

માણસ ને કઇ રીતે ઓળખવો જોઇએ? અલબત્ત તેના આંતરિક સૌંદર્ય થકી જ,પણ એના બાહય પરિવેષને પણ અવગણી શકાય નહીં. અને એટલેજ કદાચ આવું કહેવાયું હશે...

'એક નૂર આદમી,હજાર નૂર કપડાં,
લાખ નૂર ટાપટીપ, કરોડ નૂર નખરાં.'

માણસની આંતરિક સુંદરતા ને જો બાહય સજાવટ મળી જાય તો જાણે સોનામાં સુગંધ ભળી જતી હોય છે ! આમછતાં એનું સાચું સ્વરૂપ અંદરથી પ્રગટે છે.કઇ રીતે?

સદીના સૌથી મોટા અને મૌલિક વિચારક એટલે ઓશો.એમણે એક સભામાં એક ૩૦ વર્ષીય યુવકને તેમના પ્રવચન દરમિયાન ઉભા થવા કહ્યું. અને પૂછ્યું..

- તમે મુંબઈમાં જુહુ ચોપાટી પર ફરી રહ્યા છો અને સામેથી એક સુંદર છોકરી આવી રહી છે, તો તમે શું કરશો?

યુવકે કહ્યું - તેના પર નજર પડશે તો જોવાનું શરૂ કરીશું

ગુરુજીએ પૂછ્યું - તે છોકરી આગળ નીકળી ગઈ , તો પણ તમે પણ પાછળ ફરીને જોશો?

છોકરાએ કહ્યું - હા, જો પત્ની સાથે ન હોય તો. (સભામાં દરેક હસે છે)

ગુરુજીએ ફરીથી પૂછ્યું - મને કહો કે તમને તે સુંદર ચહેરો ક્યાં સુધી યાદ રહેશે?

યુવકે ૫ - ૧૦ મિનિટ માટે કહ્યું, જ્યાં સુધી બીજો સુંદર ચહેરો દેખાય નહીં ત્યાં સુધી...

ગુરુજીએ યુવકને કહ્યું- હવે જરા વિચારો.. તું જયપુરથી મુંબઈ જઈ રહ્યો છે અને મેં તને પુસ્તકોનું પેકેટ આપ્યું અને કહ્યું કે આ પેકેટ મુંબઈના એક મહાનુભાવને પહોંચાડોજો. તમે પેકેટ પહોંચાડવા મુંબઈમાં તેના ઘરે ગયા. જ્યારે તમે તેનું ઘર જોયું તો તમને ખબર પડી કે તે એક મોટો અબજોપતિ છે. અને તેના ઘરની બહાર ૧૦ વાહનો અને ૫ ચોકીદાર ઉભા છે.

તમે તેમને પેકેટની માહિતી મોકલી, તો એ સજ્જન પોતે બહાર આવ્યા. તમારી પાસેથી પેકેટ લીધું. જ્યારે તમે જવા લાગ્યા ત્યારે તમને ઘરની અંદર આગ્રહ કરી લઈ ગયા. અને તમને નજીકમાં બેસીને ગરમ નાસ્તો ખવડાવ્યો.

ચાલતાં ચાલતાં એમણે પૂછ્યું- કેવી રીતે આવ્યા છો?

તમે કહ્યું - લોકલ ટ્રેનમાં.

તેમણે તેમના ડ્રાઈવરને તમને તમારા સ્થાન પર મુકી જવાનું કહ્યું, અને તમે તમારા સ્થાન ઉપર હજી પહોંચવાના જ હતા ત્યાં જ તે અબજોપતિ મહાનુભાવનો તમારા ઉપર ફોન આવ્યો - ભાઈ, તમે આરામથી પહોંચી ગયા છો?

હવે કહો કે ક્યાં સુધી એ મહાનુભાવને યાદ કરશો?

યુવકે કહ્યું- ગુરુજી! એ વ્યક્તિને હું મારા જીવનમાં મરતાં સુધી નહી ભુલી શકું.

યુવાનો દ્વારા સભાને સંબોધતા, ગુરુજીએ કહ્યું - "આ જીવનની વાસ્તવિકતા છે."

"સુંદર ચહેરો થોડા સમય માટે યાદ રહે છે, પરંતુ સુંદર વર્તન જીવનભર યાદ રહે છે."

એ જ જીવનનો ગુરુ મંત્ર છે..તમારા ચહેરા અને શરીરની સુંદરતા કરતાં તમારા વર્તનની સુંદરતા પર વધુ ધ્યાન આપો. જીવન તમારા માટે આનંદપ્રદ અને અન્ય લોકો માટે અવિસ્મરણીય પ્રેરણાદાયક બનશે.

વધતી જતી ઉંમર અને દાંતની સમસ્યા

સુપ્રભાત મિત્રો! આજનો આપણો વિષય વ્યક્તિની વધતી જતી ઉંમર અને તેની સાથે સાથે દાંત આગળ આવવા, દાંત વચ્ચે જગા થવી, અનુક્રમે દાંત હલવા લાગવા તેની સારવાર તેના વિશે છે.

અમારા ક્લિનિક થોડા દિવસ પહેલાં એક બહેન આવ્યા હતા. તેમની મુખ્ય તકલીફ એ હતી કે તેમને છેલ્લા વર્ષ - બે વર્ષથી દાંત ધીમે ધીમે આગળ આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું હતું. આ તકલીફના લીધે તેમના દાંત વચ્ચે જગ્યા થઈ ગઈ હોય અને હોઠ પુરી રીતે બંધ ન થઈ રહ્યા હોય તેવું લાગતું હતું. આ સમસ્યા ધીમે ધીમે વધી રહી હતી.

આ સમસ્યા ઘણા બધા દર્દીઓમાં જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને બહેનોમાં આ સમસ્યા વધુ પ્રમાણમાં જોઈ શકાય છે. આ સમસ્યાનું મૂળ કારણ છે પેઢાની બિમારી. જેમ જેમ ઉંમર વધે તેમ તેમ જો દાંત પર છારી બાઝતી હોય તો તે પેઢાને નુકશાન પહોંચાડે છે. વધતી જતી ઉંમરમાં હાડકાંનું પણ કેલ્શિયમનું પ્રમાણ ઘટતું હોવાનાં કારણે મોઢાનું હાડકું નીચે ઉતરે છે. જેનાથી પેઢા પણ નીચેની તરફ ઉતરી જાય છે. તેનાથી દાંત ધીમે ધીમે હલવાની શરુઆત થાય છે.

દાંતના મૂળિયા મોઢામાં એક્સપઝ થતા દાંતમાં કળતરની સમસ્યા શરુ થાય છે. દાંત વચ્ચે જગ્યા થવાની શરુઆત થાય છે. દાંત આગળની તરફ આવી જવા અને વાંકાચૂકા થવાની પણ સમસ્યા થઈ શકે છે.

બહેનોમાં મોટી ઉંમરે થતો હોર્મોનલ ફેરફાર પણ પેઢામાં બંધારણમાં બદલાવ કરી શકે છે. માટે જે મહિલાઓમાં આ સમસ્યા ૪૦ પછી વધુ જોવા મળે છે.

તો શું આ ઉંમરે આ તકલીફની સારવાર શક્ય છે ? તો જવાબ છે હા !!

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા

પરંતુ જરૂરિયાત છે આ સમસ્યાને ઓળખવાની ! જો વ્યક્તિ આ સમસ્યાને સમય રહેતા જ ઓળખી લે તો બહુ લાંબા ગાળાની જટિલ પ્રક્રિયામાંથી બચી શકાય છે.

તો વાત કરીએ આ સમસ્યાનાં નિરાકરણ વિશે. સૌ પ્રથમ દર્દીને જરૂરી ચેકઅપ અને એક્સ-રે કર્યા બાદ એ જાણી શકાય છે કે હાલની પરિસ્થિતિમાં હાડકાંના લેવલની શું સ્થિતિ છે.

ત્યારબાદ જો જરૂરી જણાય તો સ્કેલિંગ કરીને દાંતની સફાઈ કરવામાં આવે છે જેથી કરીને દાંત પરની છારી દૂર કરી શકાય. પરંતુ જો છારી વધુ પ્રમાણમાં હોય, અને જો દાંત હલતા હોય તો તેવી સ્થિતિમાં શરૂઆતમાં પેઢાની રોગની ઈલાજ કરીન દાંતને બચાવવા પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ જો દાંતને બચાવવા શક્ય ન હોય તો તે દાંત પાડી નાખીને ત્યાં ઈમ્પ્લાન્ટ (સ્ક્રૂ) અથવા ચોકઠું મૂકીને સારવાર કરી શકાય છે.

પરંતુ જો દાંતની પરિસ્થિતિ સારી હોય, અને વ્યક્તિની ઉંમર પણ નાની હોય, શરીરમાં બીજી કોઈ તકલીફ ન હોયતો ઘણી બધી રીતોથી સારવાર શક્ય છે.

● તેમાં સૌપ્રથમ છે, ઓર્થોડોન્ટિક સારવાર.

તો પ્રશ્ન છે કેશું ઓર્થોડોન્ટિક સારવાર મોટી ઉંમરમાં શક્ય છે ? તો જવાબ છે હા...! ફક્ત હાડકાનું લેવલ જાણીને શક્ય હોય તો ઓર્થોડોન્ટિક સારવાર (બ્રેસીઝ)થી આગળ આવેલા દાંત, દાંત વચ્ચે જગ્યા વગેરેને સારવાર કરી શકાય છે.

ફક્ત મોટી ઉંમરમાં સારવારનો સમયગાળો લાંબો રહે છે. કારણ કે દાંત વચ્ચેની જગ્યા બંધ થતા થોડો વધુ સમય લાગી શકે છે. ઓર્થોડોન્ટિક સારવાર સિવાય બીજો વિકલ્પ એ છે કે જો દર્દીને ટૂંકાગાળામાં જ પરિમાણ જોઈતું હોયતો તે દાંતની રુટ કેનાલ સારવાર કરીને દાંત પર કેપ આપ શકાય. ક્રાઉન (કેપ) બનાવાનો ફાયદો એ છે કે તે ઓછા સમયમાં બની જાય છે. તમામ જગ્યાએ તેનાથી બંધ કરી શકાય છે. અને દાંતની ઉપર કેપ આપવાથી તે સ્પ્લિન્ટ જેવું કામ કરે છે, જેથી કરને દાંત આગળઆવતા અટકે છે.

આ ઉપરાંત જો વ્યક્તિની પેઢાની સ્થિતિ ખરાબ ન થઈ હોય, કે પાયોરિયા જેવી સમસ્યા ન હોય તો વ્યક્તિને વિનિયર પણ આપી શકાય છે. તેમાં રૂટ કેનાલ કરવાની પણ જરૂરત હોતી નથી અને દાંતને પણ બહુ જ ઘસીને નાનું કરવાની જરૂર નથી. આ એક ઉત્તમ એસ્પેટિક સારવાર છે. જે વ્યક્તિના દેખાવમાં ઘણું પરિવર્તન કરી શકે છે.

આ સિવાય અગાઉ વર્ણવ્યા મુજબ જો દાંત વચ્ચેની જગ્યા ખૂબ વધી ગઈ હોય, અને દાંત હલવા લાગ્યા હોય અને બચાવી ન શકાય તો પછી તેમને પાડી નાખીને રિન્યુવેબલ અથવા ફિક્સ દાંત આપી શકાય છે.

તો મિત્રો, માત્ર અને માત્ર જરૂરિયાત છે, આ સમસ્યાને વહેલ તકે ઓળખવાની અને તેની સારવાર કરાવવાની કારણ કે પ્રારંભિક તબક્કે દાંત પાડ્યા વગર કૃત્રિમ દાંત આપ્યા વગર જ કુદરતી દાંત છે તેને બચાવી શકાય છે અને સારો દેખાવ પણ આપી શકાય છે. તો જો આપને કે આપની ઓળખાણમાં કોઈ પણ વ્યક્તિને આ સમસ્યા કે તેની શરુઆતનાં પણ લત્રણો દેખાતા હોય તો અવશ્ય આપના ડેન્ટિસ્ટની મુલાકાત લો અને તેની સારવાર અંગે વિચારો.

Team Sharddhadeep

મહા હેતવાળી દયાળી જ મા તું !!!

'પડું કે ચડું તો ખમા આણી વાણી ; પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી ; પછી કોણ પોતા તણું દૂધ પાતું ? મહા હેતવાળી દયાળી જ મા તું. ' મા તો દયાળુ જ હોય અને ખાસ કરીને પોતાના સંતાન માટે તો વધુ. પોતાના સંતાનને દુખી કરીને પોતે ખુશ રહે એ મા કદાપિ ના હોઇ શકે. બદલાતા જમાનાની તાસીરમાં એવા કિસ્સાઓ જોવા-વાંચવા મળે કે જેમાં મા ના નામે કલંક જેવા કૃત્યો સામેલ હોય કે પછી જનેતા સંતાનોને તરછોડી ચાલી નીકળી હોય તો પણ એવા જૂજ કિસ્સાઓને નઝરઅંદાઝ કરીને પણ એક સત્ય અને સતત હૈયે સંઘરી રાખવા જેવી હકીકત એ છે કે મા એ ભગવાનની એવી ઓથોરાઇઝ્ડ વ્યક્તિ છે કે જે ભગવાનના બદલામાં ભગવાન જેટલી જ દરકાર, પ્યાર અને હૂંફ આપે છે..!!! મા વૃધ્ધ થઈ ગઈ હોય, યુવાન હોય કે અશક્ત હોય પણ એના હાથનો એક હલકો સ્પર્શ માત્ર કાફી છે સંતાનને એ અહેસાસ કરાવવા માટે કે ' મૈ હું અભી '..!! જી હા માં નું હોવું એ જ એક એવો અહેસાસ છે કે પછી કદાચ ભગવાન છે કે નહિ એનો અહેસાસ કરવાની જરાયે જરૂર રહે જ નહિ..!! એટલે જ આગળની વાતને લંબાવતા એમ કહી શકાય કે ભગવાને પણ પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે !

" ભૂલ જાતા હું પરેશાનીયા જિંદગી કી સારી, મા જબ અપની ગોદ મે મેરા સર રખ લેતી હૈ '..!! આજે ' માતૃ દિવસ ' કે નવા જમાનાની ભાષામાં ' મધર્સ ડે ' છે પણ હકીકત એ છે કે બાળક જન્મે ત્યાંથી મા આ દુનિયામાંથી વિદાય લે એ બધા જ દિવસો બાળક માટે તો માતૃદિવસ જ રહેવાના અને રહેવા જ જોઈએ. પા-પા પગલી ભરતી વખતે તો કદાચ મા ની મહતા કે એનું મહત્વ ના સમજાય એ બરાબર પણ યુવાન થાવ કે પાકટ થાવ કે પછી વૃધ્ધ થાવ ત્યાં સુધીના એક એક દિવસો જો આંખો બંધ કરીને યાદ કરો તો એમ થાય કે મા અને એની મમતા કેટકેટલા વખતે આપણે અનુભવી છે. હા એ અલગ વાત છે કે હું અને તમે ઘણીબધી વખતે મા ની આ મમતાને એન્ડોર્સ અને એપ્રિસિયેટ કરવામાં ઊણાં કે કાચા પડીએ છીએ પણ સાથે સાથે એ પણ હકીકત છે કે મા ને આવી બધી બાબતોની બહુ જરૂર નથી હોતી કેમકે એને મન તો બાળકનો સર્વાંગી વિકાસ, એની પ્રગતિ અને સમાજમાં એનું કોઈક સ્થાન બને એ જ અગત્યનું હોય છે. ભલે રોજ નહીં તો આજ એ દિવસ છે કે જ્યારે તમે મા ને સ્પેસિયલ ફિલ કરાવી શકો છો એટલું જ નહીં પણ તમે જે કહેતા ચૂકી ગયા હોવ એ આજે કહી શકો છો. અને આજે જ શું કામ ? આ તો રોજ થવું જોઈએ એવો લાગણીભર્યો ઉપક્રમ છે. મા ને રોજ ' આઈ લવ યુ ' ના કહી શકો તો કઈ નહીં પણ ઘરની બહાર કામે કે નોકરી જતાં પહેલા ચરણસ્પર્શ તો કરી જ શકો ને..??? બસ તો આટલું પણ પૂરતું છે મા ને રોજ ' હેપ્પી મધર્સ ડે ' ફિલ કરાવવા માટે..!!!

' મા એ મા, બીજા વગડાના વા ' એ પંક્તિ સંતાનની મા અને એના વાત્સલ્ય પરના વિશ્વાસનું પ્રતિબિંબ છે. મા ખાલી સંતાનને જન્મ આપીને છૂટી નથી જતી પણ જીવનના હરેક તબક્કે એ સંતાનની કાળજી રાખે છે એને પ્રોટેક્ટ કરતી રહે છે. જમાનો બદલાયો છે તો પ્રોટેક્ટ કરવાની કે કાળજી રાખવાની કે સંતાનના ઉછેરની સિસ્ટમ કદાચ જુદી થઈ હશે પણ ઓલમોસ્ટ બધા જ કિસ્સામાં આ બધા પાછળ મા ની ભાવના અને મમતા તો એ જ હોવાની. હાલરડાંના સ્થાને મોબાઈલમાં કાર્ટૂન દેખાડતી-સાંભળાવતી હોય કે રાત્રે વાર્તાઓની બદલે ગીતો સાંભળાવતી હોય કે પછી કામકાજી / નોકરિયાત માતા હોય તો નોકરીના સમય દરમ્યાન આયા કે બેબીસીટરના ભરોસે મૂકીને જતી હોય કે પછી કાખમાં તેડવાને બદલે બેબીગાડીમાં ફેરવતી હોય.. પણ અંતે તો એ મા છે અને મા જ રહેવાની. જમાના મુજબ ભલે ને એનામાં પરિવર્તન આવ્યું હોય પણ કુદરતે આપેલી મમતાની મૂડી આધુનિક સમયમાં પણ અકબંધ હોય જ છે.

રઝળપાટ
અજય ઉપાધ્યાય

પેલું કહે છે ને કે ઘણીવાર આપણી પાસે કોઈ વ્યક્તિ કે વસ્તુ હોય તો એની કદર એના ગયા પછી થાય છે કઈક એવું જ મા માટે પણ કહી શકાય. મા ની મમતા અને એના બલિદાનો કે ભોગ ને આપણે હમેશા ટેકન ફોર ગ્રાન્ટેડ લઈ લઈએ છીએ અને તાજજુબની વાત એ છે કે મા ને એનાથી કોઈ પ્રોબ્લેમ પણ નથી હોતો પણ " આશિર્વાદ જનેતાના તો કદી નથી કરમાતા, એક જ અક્ષર અજર અમર છે, એક જ મંત્ર છે 'માં'." વેણીભાઈ પુરોહિતની આ પંક્તિ મુજબ મા ના આશીર્વાદ હમેશા સંતાનના સર પર વરસતા જ રહેતા હોય છે. નાનપણમાં ભરતડકે જેની સાડીના પાલવના પડછાયામાં ચાલતા ચાલતા બપોર કાઢી નાખી હોય એ જ સાડીનો પાલવ તમે ગમે એટલા પૈસાદાર કે પહોંચતા થઈ ગયા હોવ તો પણ છાયાની ગરજ સારતો જ રહે છે. એ જ પાલવ તમે ગમે એટલા મોટા થઈ જાવ કે મા ગમે એટલી ઘરડી થઈ જાય તો પણ એની ટાઢક.. સુખ અને સુકુન આપતી જ રહે છે.

" ઘાસ પર ખેલતા હૈ ઈક બચ્ચા, પાસ મા બૈઠી મુસ્કુરાતી હૈ. મુજ કો હૈરત હૈ જાને ક્યૂં દુનિયા કાબા ઓર સોમનાથ જાતી હૈ. " (નિદા ફાઝલી). મા અભણ હશે કે ગરીબ પણ એના દિલમાં આશા તો એવી જ હશે કે એનું સંતાન ખૂબ ભણે કે ખૂબ પૈસાદાર બને. અને એ ખાલી આશા રાખીને નથી બેસતી પણ એના માટે પ્રયત્નો પણ કરે જ છે અને આ આશાને વાસ્તવિકતામાં બદલવા નિષ્ઠાપૂર્વક પોતાના સંતાનને એ માર્ગે વધવામાં મદદરૂપ પણ થાય છે. નો ડાઉટ પિતાની મહતા અને એનું હોવાપણું એક સંતાનના જીવનની પ્રગતિમાં ખૂબ ભાગ ભજવે છે પણ આમ જોવા જાવ તો પિતા એક બાળકના જીવનમાં અમુક ઉમર પછી એન્ટર થાય છે જ્યારે મા તો ગર્ભનાળ કપાય એ પહેલાથી સંતાન સાથે દિલ અને લોહીથી જોડાઈ જાય છે. કહે છે ને કે મા પોતાના બાળકને બધા કરતાં વધુ સારી રીતે ઓળખતી હોય છે કેમકે એણે બાકીના કરતાં ૯ મહિના વધુ એને સાચવ્યું હોય છે.. એની સાથે ભાવનાત્મક અને શારીરિક રીતે જોડાણ કર્યું હોય છે. મા સતત સંતાનની ચિંતા કર્યા કરતી હોય છે ત્યારે એ જ ચિંતા ઘણીવાર સંતાનને ઈરિટેટ કરતી હોય છે પણ જ્યારે એ ચિંતા કરતો અવાજ સાંભળાતો બંધ થઈ જાય છે ને ત્યારે સમજાય છે કે ' બેટા જમી લીધું ? ' કે ' સાચવીને જજે ' પાછળ ડોકાતી ચિંતા અસલમાં એક છુપું કવચ હતું જે મારી ને તમારી આસપાસ હરહમેશ ફર્યા કરતું હતું ને રક્ષા કરતું હતું.

' પહાડો જૈસે સદમે જેલતી હૈ ઉમ્રભર લેકિન, ઈક ઔલાદ કી તકલીફ સે મા ટૂટ જાતિ હૈ '..!! દુખ માં મા યાદ આવે.. મુશ્કેલીમાં મા યાદ આવે.. તકલીફમાં મા યાદ આવે.. ઠોકર લાગે તોય ' ઓય માં ' ચિત્કારી ઉઠાય..કોઈ રસ્તો દેખાતો ના હોય તો મા સાંભળે..અને મા ના આશીર્વાદ લગભગ દરેક કિસ્સામાં સંતાનને મદદરૂપ થાય જ. પણ સુખમાં મા સાંભળે ? કે પછી મા ને સુખ ક્યારે સાંભળે ? બસ એ જ અગત્યનું છે અને એ જ છે દરરોજ ઉજવી શકાય એવું માતૃપર્વ..!! પાછલી જિંદગી મા ને એની આખી જિંદગીની તપસ્યા.. પ્યાર.. હિંમત અને સંતાન પાછળ આપેલ બલિદાનોની જો કોઈ રીતે ચુકવણી થઈ શકે એમ હોય તો એ છે જાતી જિંદગી એ.. અસહાય અને વૃધ્ધ અવસ્થામાં પહોંચેલી મા ને ઘરડાઘરમાં નહીં પણ એના ખુદના જ ઘરમાં એ જ પ્યાર.. એ જ ઈજ્જત મળે ને રોજ મળે..!!! બાકી તો ચંદ્રકાંત બક્ષીએ સવાલ-જવાબરૂપે આ સાચું જ લખ્યું છે કે ' માની શું ઉંમર હતી?.. '.. ' માને ઉંમર નથી હોતી..'..'. મા નું શું નામ હતું ? 'પપ' મા ને નામ નથી હોતું.' મા ની ઉમર એટલી જ કે જ્યાં સુધી એના સંતાનો સુખી થાય.. મા નું નામ એક જ મમતા.. વિશ્વાસ.. લાગણી.. નિસ્વાર્થ પ્રેમ.. અને આંખોમાં સંતાનો માટે સદાયે છલકાતો સુખ ભાવ..!!!!

akurjt@gmail.com

સોસાયટીનો આબરુંનો ઈન્ડેક્ષ... અને મીટીંગોત્સવ...

રોજની જેમ સાંજે બધા શાંતિથી જમીને બેઠા હતા, ત્યારે મગનલાલે જાહેર કર્યું, 'આવતીકાલે સાંજે આપણે એક મીટીંગ બોલાવવી પડશે કારણ આપણી સોસાયટીના મેમ્બર્સ હવે મોટા થતા જાય છે' .. પછી શ્વાસ રોકીને જાણે પોતે બહુ મોટું સત્ય કહીં દીધું છે એવી ન્યૂટન-ટાઈપની ડોક કરીને ચાલું રાખ્યું, 'આપણે કોઈપણ રીતે આપણી આબરું વધે એવો પ્રયત્ન કરવાનો છે.' એ બોલતા હતા ત્યારે રા.રા.શ્રીપૂર્ણપરાક્રમસિંહ એમની મૂછ ઉપર એકદમ અહિંસક હાથ મુકીને હળવેકથી બોલ્યા; ' તો શું તમને એવું લાગે છે કે આપણી સોસાયટીની આબરું ઓછી થઈ રહી છે ?'.. મગનલાલે સાવ સેમી-પોલિટીકલ થઈને જવાબ આપ્યો, 'એવું નથી, પણ આપણા સભ્યોની ઉંમર વધે છે તેમ એમનું સ્ટેટસ સમાજમાં વધવા લાગ્યું છે." ફરી શ્વાસ રોકીને ગર્વનો નાનકડો રેફ ભ્રમરોમાં એ રીતે ભ્રમર હલાવતાં હલાવતાં બોલ્યા; 'ગઈ કાલે મને નાથાલાલે કહ્યું કે મારા નટુનું લગ્ન નક્કી કર્યું છે તો સોસાયટીમાં પ્રસંગ ગોઠવવાનો વિચાર છે, જો બધા સહકાર આપે તો.. નહીં તો અમે જે ગામ છોડે વીસ વર્ષ થઈ ગયાં તે મંદિરની પાછળ એક અવાવરુ વાડી છે ત્યાં ડેસ્ટીનેશન-વેડીંગનો વિકલ્પ ઉભો છે.' પૂર્ણપરાક્રમસિંહે કહ્યું, 'જો નાથાલાલ આવી રીતે અવવારું વાડીએ ડેસ્ટીનેશન વેડીંગ કરે તો આપણી આબરું જાય, તમે જે રીતે આબરું વિશે ચિંતા કરવા માંડ્યા છો એ જોતાં આપણે અવાવરું વાડીથી સહેજ ચઢિયાતા છીએ એવું નાથાલાલને અને એમના પરિવારજનોને ઠસાવવું પડે. કારણ આવી રીતે આપણી સોસાયટીના યુવાનોને લગ્ન કરવા બીજે જવું પડે છે એવી વાત ફેલાય તો આપણા નહીં વેચાયેલા બંગલા એમ જ કુંવારા રહી જાય અને અવાવરું થઈ જાય ! આ તો બહુ મોટો બ્રાન્ડીંગનો પ્રશ્ન છે, આને ગંભીરતાથી લેવો જોઈએ...'

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

આખી વાત વધું પડતી ગંભીર થતી હતી, એટલે પોતાની ગંભીરતા બતાવવા પ્રો.જળાશંકરે કહ્યું, 'હવે, મારે માટે મગનલાલની વાત આદેશ હશે. તમે કહો તે પુરી મગનતાથી કરવા હું તૈયાર છું, બોલો, કાલે મીટીંગ કેટલા વાગ્યે બોલાવવી છે... ' મગનલાલે કહ્યું સાડાઆઠે બધા જમીને આવીએ તો સારું, કારણ મીટીંગમાં કંઈ એવી બોલાચાલી થઈ જાય તો પછી આપણે ઘેર જઈને ખાવાનું ના ભાવે, અને એમ થાય તો બીપી-ડાયાબીટીસ જેવા દુશ્મનરોગો વકરે એવી શક્યતા ઉભી થાય.. માટે કાલે સાડા આઠવાગ્યે મળીએ...' છદ્મવેશી છગનલાલને ખબર પડી ગઈ કે 'આમાં મારું મહત્ત્વ ઓછું થઈ રહ્યું છે એટલે એમણે કોઈ બંધ પડેલી સર્કસ કંપનીનો મેનેજર બોલે એ રીતે કહ્યું, 'આવતી કાલે હું આઠ ઓગણત્રીસ નહીં કે આઠ એકત્રીસ નહીં એવી રીતે એટલે કે આઠ ત્રીસે આવીશ.. બધાએ છગનલાલની વાત બરાબર સાંભળી નહીં ને ઉભા થઈને પોતપોતાની પત્નીઓને આવતીકાલના મીટીંગોત્સવની વાત કરવાની વાત કરવાની ઉતાવળમાં નીકળી ગયા.

આજે મીટીંગનો દિવસ. સવા આઠ થયા એટલે સીક્યુરીટીવાળા ભાઈએ કૉમનપ્લૉટમાં ખુરશીઓ મુકી. આ સીક્યુરીટીવાળા ભાઈ આમ તો સુડતાલીસના હશે પણ લાગે સડસઠના. ખુલ્લું લાગે એવું કોથળા ટાઈપ ખાખી પેન્ટ અને એમના પિતાજીનું હોય એવું ખાખી શર્ટ, થાકેલો ચહેરો અને હમણાં સીટી વગાડશે એવી મુખમુદ્રા, ઉપર કો'ક હારેલા સૈન્યની ચીમળાયેલી લીલી ટોપી. પટ્ટો ઘસાયેલો અને અવાજ કસાયેલો. એમની બોલવાની શૈલી પરથી કર્મચારી કરતાં માલોક વધું લાગે. આજે મીટીંગ શાને માટે છે એવી એમને ખબર નહોતી અને ક્યારેય હોતી નથી પણ એમનો કૉન્ફીડન્સ એવો કે એમણે જ આ સોસાયટી બાંધી છે. મગનલાલના ઘેર જઈને સાંજે પાંચ વાગ્યે ચા પી-આવ્યા હતા એટલે નશો હતો. છગનલાલને આ માણસના કૉન્ફીડન્સની ઈર્ષ્યા આવતી. જો કે છગનલાલને દરેક માણસની ઈર્ષ્યા થાય. ક્યારેક એમને એમની પણ ઈર્ષ્યા થતી હોવી જોઈએ. કારણ ઈર્ષ્યામાં ખરાબ મન હોવા સિવાય બીજું કશું ઈન્વેસ્ટમેન્ટ કરવાનું નથી હોતું. બીજું ભગવાને છગનલાલને એક ત્રીજી છદ્મ આંખ આપેલી છે જેના કારણે એમની કુદરતી બે આંખો કોઈનું પણ સારું જોઈ શકતી નહોતી. એ ઈર્ષ્યાને પણ સારો અને પ્રોત્સાહક સ્પર્ધાભાવ એવા નામ આપીને પોતાનું માર્કેટીંગ કરતા.

સાડા આઠ થયા. મગનલાલ અને નાથાલાલ એવી રીતે આવી રહ્યા હતા જાણે બે રાષ્ટ્રીય નેતાઓ આવી રહ્યા હોય. મગનલાલનો ચોળાયેલો ઝભ્ભો થાક કરતાં વધારે સીનીયોરીટી પ્રદર્શિત કરતો હતો. નાથાલાલ 'વરના બાપ' છે એ બાબતે તો થોડી સાવધાનીપૂર્વક ચાલતા હોય એવું લાગતું હતું. કોઈએ કહેલું કે ધ્યાન નહીં રાખો તો સૌને એવું લાગશે કે મુખ્ય માણસ છગનલાલ જ છે. નાથાલાલે એક દિવસ તો મગનલાલને કહેલું પણ ખરું કે 'આ છગનલાલ નામનું વિચિત્ર પ્રાણી આપણી સોસાયટીમાં ક્યાંથી આવી ગયું છે.. ' મગનલાલે એમની ટીપીકલ બેફિકરાઈથી કહેલું, 'સભ્ય બનીને...' . પછી મગનલાલ જે હસેલા, એટલે કે છગનલાલ જેવું કૃત્રિમ અને લુચ્ચું. જેનાથી નાથાલાલ અને હાજર સૌ કોઈ સમજી ગયેલા કે છગનલાલ સભ્ય છે પણ એ અસભ્યસભ્ય છે હવે એને નિભાવવા પડશે.

સૌ મીટીંગમાં આવવા લાગ્યા. પૂર્ણપરાક્રમસિંહ આજે પહેલી વખત સમયસર પહોંચ્યા હતા. વિદ્યાગૌરી અજ્ઞાની અને ચાર્મી, છગનલાલના પત્ની આશાદેવી સી. અને અન્ય બેત્રણ બહેનો હતા. નાથાલાલના કુટુમ્બના ત્રણચાર જણ હતા.

મગનલાલે એક નાનું બગાસું ખાધું. ઘણીવાર એ આવા બગાસાના બ્યુગલથી મીટીંગની શરુઆત કરતા એનાથી સોસાયટીના સભ્યોની એકદંર આળસ જળવાઈ રહેતી. નાથાલાલ પ્રાસંગિક પ્રસન્નતા મુખ પર

લાવ્યા એટલે વાતાવરણમાં હળવાશ પ્રસરી ગઈ. આમેય આ મીટીંગનું સાંભળ્યું છે ત્યારથી સોસાયટીની સ્ત્રીઓ કહેતી હતી કે 'છોકરાના લગ્નમાં આવી બધી તૈયારીઓની ક્યાં જરૂર છે ? આપણે તો જાનમાં જ જવાનું છે ને ! એમાં મીટીંગની યે ક્યાં જરૂર છે, પણ આ તો મગનલાલને એમ છે કે આ એક તક છે જેના દ્વારા સમાજમાં આપણો વટ્ટ પડે તો વાત ફેલાઈ જાય કે આ સોસાયટી એટલે કહેવું પડે ! એમ કરીને સમાજમાં આબરું વધે તો થોડા બીજા વણવેચાયેલા બંગલા વેચાય અને શહેરમાં એક વાત ફેલાય કે આ સોસાયટી જોરદાર છે... !!!

અંધારામાં સમાવિષ્ટ અજવાળાની પરિભાષા

આંખની પાંપણ પર જીલાતા,
પાણીનો ભાર કેટલો હશે કોને ખબર..!!
તરખાટ મચાવતું મનોબળ,
કેટલાય વાવાઝોડા ખમતું હશે કોને ખબર..!!
અવકાશ નહીં હોય, એટલું ગીચ લાગણીઓનું જાળું હશે
પ્રકાશ ત્યાંય ઉગતો હશે કૂંપળો બની...
કે સુરજ પ્રતિબિંબ તો હશે કોને ખબર...!!

સંવેદનામા સમાવિષ્ટ વેદના કેટલીકવાર પીડા આપે, કેટલીકવાર એ જ મીઠી પીડાઓ સુખની પરાકાષ્ઠા બની રહે છે. થોડું થોડું અને ઉપર છલ્લું જેને ન પચતું હોય અને ગોરંભાયેલ લાગણીઓથી છલોછલ અનાવૃત મનવાળી જેની પ્રકૃતિ હોય તેને સંવેદનાઓના જંગલોમાં શ્વસવુય ગમે ને સંબંધના તળ સુધી જવું ય ગમે છે. તેમાં સામા પ્રવાહે તરવું ય ગમે છે અને તેમાં પીડાની પરાકાષ્ઠાની સાથે સાથે અનુભવાતી પ્યોરિટીની પરિમિતિ ય ગમે છે.

આ ઈન્સ્ટન્ટનો જમાનો છે. સફળતા ય ઈન્સ્ટન્ટ જોઈએ છે. તરક્કી હોય, નામના હોય કે સંબંધો હોય , પ્રેમ હોય કે સમજણ ઈન્સ્ટન્ટ જોઈએ છે. રાહ જોવાની, ધીરજ કેળવવાની મુશ્કેલીઓમાં તપવાની, ઘસાઈને ઉજળા થવાની, સંઘર્ષથી ઝળહળવાની તૈયારી જ નથી હોતી. મરજીવાની પરિભાષા ચાંચિયાઓને ક્યારેય ન જ સમજાય...!! પણ સત્વનું મોતી તો સત્યનો પીછો કરી, ખોજ કરી, ભીતરના ઊંડાણમાં ડૂબકી લગાવવા થી જ મળે છે.તર્કબુદ્ધિથી પર આભ જેવી વિશાળત્વ ધરાવતું મનોબળ કેળવી તકદીરના અંધકારમાં આત્મશ્રદ્ધાનો દીપક પ્રગટાવી જાતને અજવાળવાની તૈયારી હોય તો જ જીવનના સાચાં મોતી પામતા મરજીવા બની શકાય .

આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા બંનેમાં ફરક એટલ